# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૪-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## પ્રધાનમંત્રી-મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે.મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ **113**મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી,દુરદર્શન,AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર પણ સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી,હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો.આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**RNU અમદાવાદ**

---

## ભુજ-લખપતિ દીદી કાર્યક્રમ-પ્રધાનમંત્રી:વર્ચ્યુઅલ :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આવતીકાલ તારીખ ૨૫ ઓગસ્ટ- ૨૦૨૪ના રોજ ભુજ ટાઉન હોલ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે લખપતિ દીદી

કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથો/સખી મંડળને વિવિધ સહાયનું વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં લખપતિ દીદીને સર્ટિફિકેટ વિતરણ,સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડ,ગ્રામ સંગઠનને સ્ટાર્ટઅપ ફંડ અને કલસ્ટર લેવલ ફેડરેશનને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ ફાળવણીના મંજૂરી પત્રો તથા કૅશ ક્રેડિટ લોનના ચેકોનું વિતરણ કરવામાં આવશે.

**માહિતી ખાતું**

---

## મુખ્યમંત્રી-ભાવનગર :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ભાવનગરમાં 310 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આવાસ યોજના અને રીડેવલપમેન્ટના લાભાર્થી બહેનોને મુખ્યમંત્રીએ પ્રતિકાત્મક ચાવી અર્પણ કરી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.મુખ્યમંત્રીના હસ્તે કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા મકાનની ફાળવણી કરવામાં આવી હતી.

શ્રી પટેલે ગુજરાતી કવિ નર્મદને યાદ કરી ગુજરાતી ભાષા દિવસની રાજ્યવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

**RNU અમદાવાદ**

---

## વરસાદ :

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.હાલમાં ગુજરાત પર એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી સાર્વત્રિક ભારે વરસાદની શક્યતાઓ છે.આગામી 29 ઓગસ્ટ

સુધી હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓમાં રેડ,ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે.

આજે સવારથી રાજ્યભરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.આજે સવારે અમદાવાદમાં ૩ કલાકમાં ૧.૫ ઇંચ વરસાદ વરસ્યો છે.જીલ્લા મથક ભુજમાં ભારે ઉકળાટ વચ્ચે વરસાદી ઝાપટાં પડ્યાના અહેવાલ છે.

**NP-જાગૃતિ વકીલ**

------------------------------------------------------------------------------------------

## રાપર-ત્રિકમસાહેબ જન્માષ્ટમી :

રાપર તાલુકાના રામવાવ ગામ નજીક કાગનોરા ડુંગરની તળેટીમાં આવેલ સંત ત્રિકમ સાહેબની તપોભૂમિ પર જન્માષ્ટમીના વિવિધ કાર્યક્રમો સાથે ઉત્સવ યોજવામાં આવશે.જ્યાં વરસો સુધી સંત ત્રિકમ સાહેબે તપસ્યા કરી હતી.તે સ્થળે સાંસ્કૃતિક હોલ તેમજ અન્ય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.સોમવારે ૨૬ ઓગસ્ટના ભાવિકો અને ગ્રામજનો દ્વારા ત્રિકમ સાહેબનો પ્રાગટ્ય દિવસ અને નિર્વાણ દિવસ એકસાથે મનાવવામાં આવશે.તેવું આ જગ્યાના મહંત દીનેશદાસ મહારાજે જણાવ્યું હતું.આ દિવસે ધ્વજારોહણ તથા સાંજે સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાશે.

**રામજી મેરિયા**

------------------------------------------------------------------------------------------

## ભુજ-મેળો :

ભુજના હમીરસર તળાવ કાંઠે આવતીકાલથી સાતમ-આઠમનો મેળો યોજાશે.જે અંગે ભુજ નગરપાલિકાના જણાવ્યા અનુસાર મેળામાં ચગડોળ જેવી રાઇડ્સ ને સ્ટેબિલિટી પ્રમાણપત્ર અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું.જો પ્રમાણપત્ર વિના આવા ચકડોળ રાખવામાં આવશે અને અકસ્માત સર્જાય તો તેની તમામ જવાબદારી ઠેકેદારની રહેશે એવી સ્પષ્ટતા લેખિતમાં કરવામાં આવી હોવાના અહેવાલ છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## કચ્છ-સંક્ષિપ્ત મતદાર યાદી :

કચ્છ જિલ્લામાં 18 ઓક્ટોબર 2024 સુધીમાં સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે.ત્યારબાદ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે.જેમાં મતદાર યાદીમાં વિસંગતતાઓ દૂર કરવા ફોટોગ્રાફને સારી ગુણવત્તાવાળો કરવા તેમજ અપડેટ સહિતની કામગીરી 18 ઓક્ટોબર સુધી કરવામાં આવશે.ત્યારબાદ 19 થી 28 ઓક્ટોબર સુધી પુરવણી યાદી અને સંકલિત મુસદ્દા મતદાર યાદી તૈયાર કરવામાં આવશે.ત્યારબાદ 29 ઓક્ટોબર 2024 ના તે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**માહિતી ખાતું**

---

## GTU-કચ્છ-ટીમ્સના બે વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે :

તોલાણી મોટવાને ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના વિધાર્થીઓએ સમગ્ર કચ્છનું ગૌરવ વધે એવી એક મહત્વની સિદ્ધી હાંસલ કરી છે.ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે જાણિતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની એકમાત્ર NBA એક્રેડીટેશન ધરાવતી ટિમ્સના બે વિધાર્થીઓ તીશા રામી અને કુનાલ ચોધરી ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ (આઈઈપી) માટે પસંદગી કરવામાં હતી.આ બન્ને વિધાર્થીઓ દ્વારા ઓસ્ટ્રેલિયાની યુનિર્વસલ બિઝનેસ સ્કૂલ,સીડનીમાં બે મહિનાના સમયગાળા માટે અંતરરાષ્ટ્રીય એક્સપોઝર અને વિવિધ વિષયોનો અધ્યયન કરવામાં આવ્યું હતું.

**NP-જાગૃતિ વકીલ**

---